**ATVT** યોજના હેઠળ મધ્યાંહ્ન ભોજન યોજનાની
કામગીરી અંગે પ્રાંત અધિકારીઓને સત્તાઓ
સોંપવા બાબત.

ક્રમાંક :-મભય-૧૦૨૦૧૧-૪૨૩-ર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮-૦૫-૨૦૧૧

સંદર્ભઃ-

(૧) શિ. વિ. નો તા.૨૨/3/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૨૯૫/૨૪૨૫/ક,
(૨)કમિ.શ્રી,મ.ભો.યો.કચેરી,ગાંધીનગરનોતા.૨૧/૪/૨૦૧૧નાપત્રક્રમાંકઃ મભય/અમલ/વશી/૨૦૧૦-૧૧/૪૭૫૯/ક,

આ મુ ખઃ-

મહેસૂલ વિભાગના તા.૧૩-૪-૧૧ ના ઠરાવથી નવી ૫૭ પ્રાંત કચેરીઓ ઊભી કરવામાં આવી છે. નવી પ્રાંત કચેરીની રચના બાદ રાજયમાં ૧૧૨ પ્રાંત થશે. આપનો તાલુકો વાયબ્રન્ટ તાલુકો હેઠળ મધ્યાંહ્ન ભોજન યોજનાની કામગીરી પ્રાંત અધિકારીશ્રીઓને યથાયોગ્ય સોંપવાની બાબત રાજય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ--

પુખ્ત વિચારણાને અંતે ATVT યોજના હેઠળ મધ્યાંહ્ન ભોજન યોજનાની કામગીરી અંગે પ્રાંત અધિકારીઓને નીચેની બાબતે કામગીરી અને સત્તા સોંપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) મધ્યાંહ્ન ભોજન યોજનાની પ્રભાવિત કામગીરીનું નિયંત્રણ માટે મધ્યાંહ્ન ભોજન યોજનાના સંચાલક, રસોઇઓ તથા મદદનીશની નિમણૂક કરવાની તથા તેઓને હટાવવાની સત્તા શિ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૨૯૫-૨૪૨૫-ક થી બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ અધિકાર અધિનિયમ, ૨૦૦૯ ની જોગવાઇ મુજબ શાળા કક્ષાએ રચાયેલ વ્યવસ્થાપન સમિતિને સોંપવામાં આવેલ. આ સમિતિનો નિર્ણય ઉપર અપીલ સાંભળવાની સત્તા સબંધિત પ્રાંત અધિકારીને સોંપવામાં આવે છે .

(૨) સંદર્ભ-૧ માં ઉલ્લેખ કરેલ શિક્ષણ વિભાગના તા.૨૨/3/૨૦૧૧ના ઠરાવના ફકરા-૨ (ક) માં રચાયેલ શાળા વ્યવસ્થાપન સમિતિઓમાં મધ્યાંહ્ન ભોજન યોજનાના સંચાલકો (રસોઇયા)ની નિમણૂક કરવાની થાય છે અને ગેરરીતિ કિસ્સામાં તેઓને હટાવવાના થાય છે જો શાળા વ્યવસ્થાપન સમિતિ સમયસર નિમણૂક ન કરે તેવા કિસ્સામાં નિમણૂક અને ગેરરીતિના કિસ્સામાં

તેઓને દૂર ના કરતી હોય ત્યાં તેને હઠાવવાની સત્તા તાલુકા મામલતદારને આપી છે તેના હુકમ સામે અપીલની સત્તાઓ પણ પ્રાત અધિકારીશ્રીને સોંપવામાં આવે છે.

(૩) પ્રાંત અધિકારીશ્રીના કાર્યક્ષેત્રમાં હોય તેવા તમામ તાલુકાઓમાં આ યોજનાના અસરકારક અમલીકરણ, નિરીક્ષણ અને દેખરેખની સત્તાઓ પણ પ્રાંતઃ અધિકારીશ્રીને સોંપવામાં આવે છે.

**ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**( આર. બી. પટેલ)**
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ
**ગુજરાત સરકાર.**

પ્રતિ,

-- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
-- માન. મુ. મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- તમામ માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- સચિવશ્રી, (પ્રા.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- સચિવાલયના તમામ વિભાગો. ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભો.યો.ની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-- નિયમકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
-- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
-- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
-- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર.
-- નિયામકશ્રી,ગુજરાત રાજય શાળા પા. પુસ્તક મંડળ, ગાંધીનગર.
-- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ. માઉ શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
-- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
-- તમામ કલેકટરશ્રીઓ.
-- તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
-- તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
-- સર્વે શાસનાધિકારીશ્રીઓ, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.

-- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ. રા. ગાંધીનગર.

-- માહિતી નિયામકશ્રી, ગુ. રા. ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધ અર્થે.

-- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ./ શિક્ષણ વિભાગની તમામ શાખાઓ.

-- કોમ્પ્યુટર સેલ, શિ. વિ. સચિવાલય, ગાંધીનગર (ઓન લાઇન મુકવા સારૂ.)

-- નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.

-- સિલેકટ ફાઇલ